647510 **MA01GujC0110** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# Jan/Feb.-2022 [OLD COURSE]
# BHASHA-SAHITYAKAUSHAL(CORE)

**Time: 1:30 Hours** **Marks: 42**

**Instructions:**

1. Figures to the right indicate marks.
2. There are five questions in the question paper.
3. Answer any three of the following questions.

---

પ્ર-૧ નીચે આપેલાં કાવ્યોમાંથી કોઈ પણ એક કાવ્યનો આસ્વાદ કરવો. (૧૪)

આપણો તો રાજાઓનો દેશ:
કામકાજ બંધ, મુક્ત મજાઓનો દેશ... આપણો...
આપણો તો દેશ, દેવ ગણ્યા ગણાય નહીં :
સાધુ – ફકીર એય વીણ્યા વિણાય નહીં:
જડે ન સિંહ : મેષ અજાઓનો દેશ... આપણો...
કેટલા ધરમ અને સામસામા પંથો :
કશા સમજાય નહીં અર્થ, એવા ગ્રંથ :
જુદા જુદા જુલુસોની ધજાઓનો દેશ... આપણો...
અણૂજો હતો જ, તેમાં આવી મળ્યા બંધ :
હડતાળ, ઘેરાવ: હક્ક રજા અકબંધ :
નન્નો ન ક્યાંય, નારા ગજોનો દેશ... આપણો...
નેતા ને દેવ – જનમ મરણ – ગણી લેતા
કામકાજ દિન બાકી કેટલા રહેતા ?
દેવોની તો હજીય આવ-જાઓનો દેશ... આપણો...

- 'ઉશનસ્'

પ્રશ્ન-૨ નીચેનાં ગદ્યખંડનું સારલેખન કરો. (૧૪)

"પ્રાણીમાત્ર તરફ સમભાવ અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા. મનુષ્ય જ નહીં, પરંતુ પશુ-પક્ષી કૃમિકીટકો આદિ તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ. આપણા દેશમાં પશુ-પક્ષીઓને ન મારવાં અને બનતાં સુધી કૃમિકીટકોને પણ બચાવી લેવાં એટલો જ અહિંસાનો અર્થ માનવામાં આવતો હતો. કોઈનું ખૂન કરવું એ તો હિંસા છે જ. પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. એમાંથી જ યુદ્ધ વગેરે હિંસાના ભયાનક રૂપ પ્રગટ થાય છે. પોતાનાં સુખ, આરામ અને ફાયદાને માટે બીજાનાં સુખ, આરામ, હિત, પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની અહિંસા. એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળીને જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથે પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું ને ? એને કાચી રોટલી આપીને મેં પોતાને માટે પાકી રોટલી તો નથી લીધી ને? પોતાના પાડોશીને બીમાર જોયા છતાંય તેની સેવાને માટે જવાનું મેં ટાળ્યું તો નથી ને? આ બધા હિંસાના લક્ષણ છે. જેટલા માણસોના સંબંધમાં આપણે આવીએ છીએ તેના પ્રત્યે સ્વભાવથી જ નાજુક ખ્યાલ રાખવો એ અહિંસાનું સાચું સ્વરૂપ છે.

- કાકાસાહેબ કાલેલકર

પ્રશ્ન-3 અક્ષરમેળ છંદ કોને કહેવાય? શિખરિણી છંદ અને મંદાક્રાંતા છંદના ઉદાહરણ તથા બંધારણની ચર્ચા કરો. (૧૪)

પ્રશ્ન-૪ અલંકાર એટલે શું? અલંકારના વિવિધ પ્રકારો જણાવી, કાવ્યમાં અલંકારનું મહત્વ સમજાવો. (૧૪)

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોંધ લખો. (૧૪)

૧. પ્રૂફવાચનનું મહત્વ સમજાવો.
૨. જોડણીના પાંચ નિયમો ઉદાહરણ સહિત સમજાવો.
૩. પૃથ્વી છંદનું સ્વરૂપ, બંધારણ ઉદાહરણ સાથે સમજાવો.
૪. સજીવારોપણ અલંકારની ઉદાહરણ સહિત સમજૂતિ આપો.

******************************